
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

Vol. 13, Issue. 230, March 2022


દૈવત ! દુર્જનની સંગતિથી દૂર રાખજે કે મનમાં નઠારા વિચાર ન આવે. માગવું શું કરવા ? માગવું તો ઈશની જ પાસે. રજોજ્ઞાને ટાઢો પડયો છે પણ વેળાએ વેળાએ ઉપડે છે સ્થિતિપરત્વે. ભાગ્ય પ્રભુની સત્તામાં છે. સત્ત્વગુણની વૃદ્ધિ – બ્રહ્મજ્ઞાનથી, મન જિતવાથી, દેહકષ્ટ કરવાથી, વડીલસેવાથી, ધર્મયુદ્ધથી, પ્રશ્ચાત્તાપથી, આસુરીજીવનો વખત ઘણીવાર જડ રહેથી, ઘેલછામાં રહેથી, વ્યાધિયે પીડાયાથી, યુદ્ધમાં મચેથી મુકાય છે.

– નર્મદાશંકર

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

કર્મનાં સિદ્ધાંતમાં લખ્યું છે 'જ્ઞાન પ્રાપ્ત થવું અને તેનાથી તમામ સંચિત કર્મોને ભસ્મસાત્ કરવા તે ચણા મમરા મૂકવા જેવું સહેલું કામ નથી. તેને માટે પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ. પ્રારબ્ધની સાથે પુરુષાર્થ મનુષ્ય જીવનને નિષ્ફળતાથી દૂર રાખે છે. પ્રબળ પુરુષાર્થ મનુષ્ય જીવનને ઈચ્છિત મનોકામના પૂર્ણ કરવામાં સહાયભૂત તો રહે જ છે. આપણા શિક્ષણધામોનો હેતુ જ્ઞાન આપવાનો રહ્યો છે. અને આપણે આ જ્ઞાનમાં જ રોજગાર શોધીએ છીએ. પરંતુ કેટલીક વાર પ્રબળ પુરુષાર્થ પછી પણ જો પ્રારબ્ધ સાથ ન આપે તો નિરાશ થવાય છે. આજે વૈશ્વિકીકરણના આ યુગમાં માત્ર કોઈ એક વસ્તુ પકડી ચાલી શકાય એમ નથી. મલ્ટિપલનાં આ યુગમાં કૌશલ્યવર્ધન આવશ્યક બને છે. આપણી નવી શિક્ષણ નીતિ NEP-2020 પણ કૌશલ્ય વિકાસ પર ભાર મૂકે છે. એ ખરું કે આપણા દેશમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. કોલેજ અને યુનિવર્સિટીની સંખ્યામાં પણ ખાસ્સો વધારો થયો છે. અને યુવાનોનો પણ ઉચ્ચ શિક્ષણ મેળવવા ઘસારો જોવા મળી રહ્યો છે. સાથે ડિગ્રી સર્ટિફિકેટ મેળવવાની ઝંખનાની સાથે અનેકવિધ ક્ષેત્રે કૌશલ્ય વિકાસની તત્પરતાનો અભાવ દેખાય છે. આપણો શિક્ષણનો હેતુ માત્ર પદવી મેળવવા પૂરતો ન હોવો જોઈએ. શિક્ષણધામોમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવી બહાર નીકળતો યુવાન જ્ઞાનપ્રચુર, જિજ્ઞાસુ, કૌશલ્યવાન હોવો જોઈએ. નવી શિક્ષણ નીતિ આ બાબત પર જ વિશેષ ભાર આપે છે. એ માત્ર યુવાનો એકલાની જવાબદારી નથી. આપણા શિક્ષણ પરિસરોની જવાબદારી બને છે કે યુવાનો આપણા પરિસરમાં અભ્યાસ કરે છે એ અભ્યાસ પૂર્ણ કરે ત્યારે એના હાથમાં ડિગ્રી સર્ટિફિકેટ તો હોય, સાથે એના હાથમાં બીજા પણ સર્ટિફિકેટ હોય જેનાથી એ કૌશલ્યવાન બન્યો હોય. યુવાનોને વૈશ્વિક બજારમાં ટકી રહેવા માટે પણ કૌશલ્યવાન બનવાની જરૂર છે. અને એના માટે અનેકવિધ પ્રકારનાં સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા જરૂરી બને છે. આનંદ છે કે, આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ અનેકવિધ સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યા છે. આપણી ઘણી કોલેજોએ પણ આ પહેલને ઉપાડી લઈને વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ માટે ઉપયોગી સર્ટિફિકેટ કોર્સ શરૂ કરી દીધા છે. આ પ્રબળ પુરુષાર્થના ફળ આજે નહીં તો કાલે અવશ્ય મળશે.

માર્ચ મહિનામાં પણ યુનિવર્સિટી પરિસર પ્રવૃત્તિઓથી ધમધમતો રહ્યો. ૪૮મો યુવા મહોત્સવ અને ખેલ મહોત્સવમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. એક તરફ કલા, તો બીજી તરફ શારીરિક શ્રમ. બંનેમાં વિદ્યાર્થીકલાકારોને વિદ્યાર્થીરમતવીરોએ પોતાની શક્તિઓ અનુસાર પ્રદર્શન કર્યું. રોજગારને લગતા આયોજનો, ગુજરાતી ભાષા ભવનનો રાષ્ટ્રીય પરિસંવાદ, વિવિધ વ્યાખ્યાનમાળાઓ, વર્કશોપ, વિશ્વ મહિલા દિવસની ઉજવણી જેવા અનેકવિધ આયોજન થયા છે સાથે કેટલાક અભ્યાસક્રમની પરીક્ષા ચાલી રહી છે. આગામી દિવસોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. આપણે પરીક્ષા, પરિણામ ને પ્રવેશ કાર્ય સમયસર કરવા કટિબદ્ધ છીએ.

સૌને શુભેચ્છાઓ.

જય હિન્દ.

ભારત માતાની જય.

**તા. ૧ એપ્રિલ, ૨૦૨૨**


**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### કુલપતિશ્રીઓઃ ઉપસ્થિતિ

આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી સંદર્ભે ગુજરાતના વિધાનસભા ખાતે વિધાનસભાનું ખાસ સત્ર તા. ૨૪/૦૩/૨૦૨૨ના રોજ મળ્યું હતું. જેમાં ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ ગુજરાત વિધાનસભાને સવારે ૧૧:૦૦ કલાકે ખાસ સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. રાજ્યપાલશ્રી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શિક્ષણ વિભાગ હસ્તકની તમામ સરકારી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ આ પ્રસંગે ગુજરાત વિધાનસભા ખાતે ઉપસ્થિત રહ્યા હતા.






















**ભૂમિપૂજન : ઉપસ્થિતિ**



તા. ૨૭–૩–૨૦૨૨, રવિવારના રોજ કિરણ હોસ્પિટલ ખાતે મેડિકલ કોલેજનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ, ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઈ માંડવિયા, કેન્દ્રીય રેલવે અને ટેક્ષટાઈલ રાજયમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ, શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વઘાણી, ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, માર્ગ અને મકાન મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદી, શહેરી વિકાસ રાજયમંત્રીશ્રી વિનુભાઈ મોરાડિયા, કૃષિ અને ઉર્જા રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

**૪૮મો યુવા મહોત્સવ**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૫–૩–૨૦૨૨ થી તા. ૯–૩–૨૦૨૨ દરમ્યાન '૪૮માં યુવા મહોત્સવનું આયોજન' કરવામાં આવ્યું હતું. તા. ૫–૩–૨૦૨૨ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી કોરોનાની સ્થિતિને ધ્યાને લઈ પહેલી વાર કળાયાત્રા અને ઉદ્દઘાટન સમારંભ વગર ૪૮માં યુવા મહોત્ત્સવની શરૂઆત થઈ. જેમાં સાંસ્કૃતિક કલા–કૃતિઓ જેવી કે, એકાંકી નાટક, સમૂહ નૃત્ય, સમૂહ ગીત, ગરબા, એક પાત્રીય અભિનય, શાસ્ત્રીય નૃત્ય, શાસ્ત્રીય કંઠય સંગીત, હળવું કંઠય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય), શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ વાદ્ય), હસ્તકળા, શીઘ્ર ચિત્ર સ્પર્ધા, કાવ્યપઠન, પાદ્પૂર્તિ અને નવલિકા લેખન જેવી વિવિધ સ્પર્ધાઓમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૧૧૦ જેટલી કોલેજો અને વિભાગોના ૧૫૩૨ કરતાં વધુ સ્પર્ધકોએ ઉત્ત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના ઉત્સાહને ધ્યાનમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે યુવા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

'૪૮માં યુવા મહોત્સવ'નું સમાપન તા. ૦૯–૦૩–૨૦૨૨ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સ્પર્ધાના વિજેતા ભાઈઓ–બહેનોના સન્માન સમારંભ સાથે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મંચસ્થ મહાનુભવોમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણનાં વડાશ્રી પોલ ડેવિડ તથા ૪૮માં યુવા મહોત્સવના કો–ઓર્ડિનેટરશ્રી ચિરાગ સોલંકી હાજર રહ્યા હતા. બધા જ મંચસ્થ મહાનુભવોએ વિવિધ રમતના વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને દર વર્ષે ભાગ લેતા રહે તે માટે પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. આ સમાપન સમારંભ અંતર્ગત વિજેતાઓને ટ્રોફી/મેડલ/સર્ટિફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણનાં વડાશ્રી પોલ ડેવિડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમાપન તેમણે સર્વેને અભિનંદન આપી કર્યું હતું.










VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY


VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY




## આંતર યુનિવર્સિટી ખો–ખો (બહેનો) સ્પર્ધા ૨૦૨૧–૨૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૧૦–૦૩–૨૦૨૨ થી તા. ૧૩–૦૩–૨૦૨૨ દરમ્યાન વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ખો–ખો (બહેનો) સ્પર્ધા ૨૦૨૧–૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યની કુલ ૪૧ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારંભમાં યુનિવર્સિટીના ઇ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન પ્રિ. ડૉ. વિનોદ પટેલ તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડ હાજર રહ્યા હતા. સતત ચાર દિવસની નોકઆઉટ કમ લીગ સ્પર્ધાને અંતે પ્રથમ ક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકર મરાઠાવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદ (મહારાષ્ટ્ર), દ્વિતિય ક્રમે યુનિવર્સિટી ઓફ મુંબઈ, મુંબઈ (મહારાષ્ટ્ર), તૃતીય ક્રમે આયોજક યુનિવર્સિટી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (ગુજરાત) અને ચોથા ક્રમે શિવાજી યુનિવર્સિટી કોલ્હાપુર (મહારાષ્ટ્ર) રહ્યા હતા.

સ્પર્ધાના અંતે વિજયશ્રી સમારંભમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડ હાજર રહ્યા હતા. તેઓના હસ્તે ચારેય વિજેતા ટીમોના ખેલાડીઓ, કોચશ્રી તેમજ મેનેજરશ્રીને મોમેન્ટો આપવામાં આવ્યાં હતા અંતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા ચારેય ટીમોના ખેલાડીઓને આંતર યુનિવર્સિટી– આંતર ઝોનલ સ્પર્ધામાં સારો દેખાવ કરે અને વિજેતા બને એવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.




























Veer Narmad South Gujarat University, Surat
West Zone Inter University
Kho-Kho (Women) Tournament 2021-22







## ૪૮ મો ખેલકૂદ રમતોત્સવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા વાર્ષિક "૪૮ મો ખેલકૂદ રમતોત્સવ" તા. ૧૪/૦૩/ ૨૦૨૨ થી તા. ૧૭/૦૩/૨૦૨૨ દરમ્યાન યોજાયો હતો. તા.૧૪/૦૩/૨૦૨૨ના રોજ બપોરે ૨.૦૦ કલાકે મહોત્સવનું શુભારંભ તથા ઉદ્‌ઘાટન યુનિવર્સિટીના રમત ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મંચસ્થ મહાનુભાવોમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, રમતોત્સવના મુખ્ય અતિથિ અને બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન/પ્રિન્સિપાલશ્રી વિનોદભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી ધ્વજવંદન–ગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરીએ સ્વાગત ઉદ્‌બોધન અને શુભકામના પાઠવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રેરણાત્મક ઉદ્‌બોધન આપવામાં આવ્યું હતું. જેથી ઉપસ્થિત હરીફોને જોશ પ્રાપ્ત થયું હતું. ત્યારબાદ રમતોત્તસવની પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી. યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડ દ્વારા ડૉ. રૂસ્તમ એન. સદરી અને શ્રી મિનેષભાઈ ઉપરાંત બુકલેટ બનાવવા બદલે શ્રી જીગ્નેશભાઈ, શ્રી અરૂણભાઈ તેમજ અન્ય સહકર્મીઓના ઋણ સ્વીકારવામાં આવ્યા હતા.

બહેનોની વિવિધ સ્પર્ધાઓ જેમ કે, જેવલીન થ્રો, લાંબી કૂદ, ૮૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪×૪૦૦ રીલે, હેમર થ્રો વગેરે જેવી સ્પર્ધાઓ તેમજ ભાઈઓની વિવિધ ફાઈનલ સ્પર્ધાઓ જેવાં કે, ૧૦૦૦ મીટર દોડ, ટ્રીપલ જંપ, ૪૦૦ મી. દોડ, હેમર થ્રો, ૮૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડનું આયોજન થયું હતું, જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

આ વાર્ષિક "૪૮ મો ખેલકૂદ રમતોત્સવ" નું સમાપન તા. ૧૭/૦૩/૨૦૨૨ના રોજ વિવિધ એથ્લેટીક સ્પર્ધાના વિજેતા તેમજ રનર્સ–અપ ભાઈઓ–બહેનોના સન્માન સમારંભ સાથે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મંચસ્થ મહાનુભાવોમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, રમતોત્તસવના મુખ્ય અતિથી અને બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન/ પ્રિન્સિપાલશ્રી વિનોદભાઈ પટેલ હાજર રહ્યા હતા. બધા જ મંચસ્થ મહાનુભવોએ વિવિધ રમતના વિજેતાઓ ઉપરાંત રનર્સ–અપને અભિનંદન પાઠવ્યા હતા અને આ જ રીતે નિરાશ થયા વગર દર વર્ષે ભાગ લેતા રહે તે માટે પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. આ સમાપન સમારંભ અંતર્ગત વિજેતાઓને ટ્રોફી/મેડલ/સર્ટિફીકેટ અને રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત હાજર રહેલ ખેલાડીઓએ ફોટો સેશન કરાવ્યું હતું.















1544
1586










22
ATHLETICS
MEET
March, 2022





## વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી વૃત્ત

ગુજરાતમિત્ર તા. ૨૫–૩–૨૦૨૨

# 25 વરસ બાદ નર્મદ યુનિ. દ્વારા શૈક્ષણિક સત્ર પહેલાં કોલેજોની જોડાણની પ્રક્રિયા પૂરી !

**યુનિ.એ 540 કમિટીની રચના કરી 155 પૈકી 140 કોલેજનું જોડાણ નિયત કરી દેવાયું**

સુરતઃ શહેરની વીર નર્મદ યુનિ.એ છેલ્લાં 25 વરસમાં સૌપ્રથમ વખત નવા સત્રારંભ પહેલાં ખાનગી કોલેજોનાં જોડાણો માટે એલઆઇસી વિઝિટ સંપન્ન કરી છે. શહેરની વીર નર્મદ યુનિ.ના કુલપતિ ડો.કે. એન.ચાવડાએ કોલેજોના જોડાણની પ્રક્રિયા ઝડપી અને પારદર્શી બનાવવા કરેલી મહેનત લેખે લાગી છે. નર્મદ યુનિ. વિસ્તારમાં આવેલા સાત જિલ્લામાં આશરે 155 જેટલી સેલ્ફ ફાયનાન્સ કોલેજો છે. આ માટે યુનિ.એ કોલેજોના હંગામી ચાલુ તેમજ ક્રમિક જોડાણ માટે દર વરસે કુસ્તી કરવી પડે છે. અત્યાર લગી તો આ પ્રક્રિયા જે-તે શૈક્ષણિક વરસનું અડધું સત્ર પતી જતું ત્યાં લગી ચાલતી હતી. જેને લઇ પછી લોકલ ઇન્કવાયરી કમિટી પણ આંખ બંધ કરી કોલેજોનાં જોડાણ ઉપર મહોર મારી દેતી હતી. યુનિ. સંલગ્ન 155 કોલેજ પૈકી 140 કોલેજના જોડાણની પ્રોસિજર પૂરી થઇ ગઇ છે. આ અંગે વધુ વિગતો આપતાં યુનિ.ના એકેડેમિક કાઉન્સિલના સદસ્ય ડો.કશ્યપ ખરચીયાએ કહ્યું હતું કે, કુલપતિ ડો.ચાવડાએ નવા સત્રારંભ પહેલાં સ્નાતક અને અનુસ્નાતકની 540 લોકલ ઇન્કવાયરી કમિટીની ફટાફટ રચના કરી દીધી હતી. આ રચના બાદ જે-તે સભ્યોને કાગળો પાઠવી સમયાંતરે રિમાઇન્ડર કોલ કરાતા હતા. જેને લઇ લોકલ ઇન્કવાયરી કમિટીની કામગીરી ઝડપી બની છે. યુનિ.એ સને-1998 બાદ સૌપ્રથમ વખત કોલેજાના જોડાણની પ્રોસિજર એડ્વાન્સ પૂરી કરી છે.

**ભૂતકાળમાં એલઆઇસી રિપોર્ટ સમયસર જમા કરાવતા ન હતા**

વીર નર્મદ યુનિ.માં ભૂતકાળમાં કોલેજોનાં જોડાણના નામે ઘણા વિવાદો થતા હતા. કોલેજોના જોડાણમાં ભંગાણ પાડવા કે જે-તે કોલેજ સંચાલકો સાથે જૂનો હિસાબ ચૂકતે કરવા લોકલ ઇન્કવાયરી કમિટીમાં માણસોની નિમણૂક પણ સામે ચહેરા જોઇ કરાતી હતી. મહિનાઓ સુધી લોકલ ઇન્કવાયરી કમિટીના રિપોર્ટ પણ સબમીટ નહોતા કરાતા.

**એલઆઇસીના સભ્યો ભૂતકાળમાં રોફ બતાવી કવરો પણ પડાવાતાં હતાં**

વીર નર્મદ યુનિ.માં કોલેજોનાં જોડાણના નામે પહેલાં ચેમ્બર પ્રેક્ટિસ ચાલતી હતી. યુનિ.ના કુલપતિના લાડકા સભ્યો કોલેજોના જોડાણનો કારભાર હાથ ઉપર લઇ ખાનગી કોલેજોનું નાક દબાવતા હતા. ખાનગી કોલેજોનાં જોડાણ માટે યુનિ. તમામ સવલતો સહિત ભથ્થાં આપતી હોય છે. તેમ છતાં કેટલાક સભ્યો ખુલ્લેઆમ કવર ઉઘરાવતા હતા.

ગુજરાતમિત્ર તા. ૨૬–૩–૨૦૨૨

# નર્મદ યુનિ. હવે ગ્રેડ સાથે ઇન્ટર અને એક્ષટર્નલ માર્કસ દર્શાવતા પત્રક પણ અલગથી આપશે

**સને-2011થી સીબીસીએસ બાદ સીજીપીએ ફોમેર્ટને પગલે સરકારી નોકરી વખતે ટકાવારી જરૂરી પડતી હતી**

સુરતઃ નર્મદ યુનિ.એ હવેથી સ્નાતક તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં જે ઉમેદવારોને ઇન્ટર અને એક્ષટર્નલ ટોટલ ગુણ દર્શાવતુ પત્રક આપવા જોગવાઇ કરી છે.

કુલપતિ ડો.કે.એન.ચાવડાએ કહ્યું હતું કે, તાજેતરમાં નવસારીની એક છાત્રાએ દક્ષિણ ગુજરાત વીજ કંપનીની નોકરી માટે ટકાવારી દર્શાવતું પત્રક એટલે કે માર્કશીટની માંગણી કરી હતી. આ બાબત એકેડેમિક કાઉન્સિલના એજન્ડા ઉપર સમાવાઇ હતી. જેમાં યુનિ.એ સને-2011થી દાખલ કરેલી ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અને ત્યારબાદ સીજીપીએ એસજીપીએ વગેરે ફોમેર્ટથી માર્કશીટ આપવાની જોગવાઇ સાથે સરખામણી કરી હતી. યુનિ.એ અગિયાર વરસથી ગ્રેડ સિસ્ટમથી માર્કશીટ આપવાની શરુઆત કરી હતી. ગ્રેડ સાથે મેળવેલા ગુણ કન્વેન્સ કરી શકાતા નહોતા. સરકારી નોકરી કે જ્યાં મેરિટ આધારીત માર્કશીટની જરૂર હોય તેવા કિસ્સામાં યુનિ.એ વધારાની માર્કશીટ આપવા નવી પ્રથા શરૂ કરી છે.

**200 રૂપિયા ફી ભરી માર્કશીટ મળશે: ડો.કશ્યપ ખરચીયા**

યુનિ.ના એકડેમિક કાઉન્સિલના સદસ્ય ડો.કશ્યપ ખરચીયાએ કહ્યું હતું કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઇન્ટરવ્યુ માટે સેમેસ્ટર વાઇઝ ટકાવારી દર્શાવતી માર્કશીટ જરૂર હોય તેવા કિસ્સામાં હવેથી સેમેસ્ટર દીઠ વિષયવાર મેળવેલા આંતરિક તેમજ બાહ્ય પરીક્ષાઓના ગુણને દર્શાવતું કોન્સોલિડેટેડ સ્ટેટમેન્ટ અપાશે. જેમાં સેમેસ્ટર કે યર બેઇઝ જે સિસ્ટમ હોય તે આધારે ગુણપત્રક અપાશે. 200 રૂપિયા ફી ભરીને માર્કશીટ મેળવી શકાશે

સંદેશ તા. ૨૬–૩–૨૦૨૨

## કોલેજોમાં વિવિધ પરીક્ષાઓની સાથે જ પરિણામની મૌસમ શરૂ

# બી.કોમ. એક્સટર્નલની ઓફલાઇન પરીક્ષાનું પરિણામ 10 દિવસમાં જાહેર

| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં હાલમાં ૧૪ માર્ચના રોજ પૂરી થયેલી બીકોમ એક્સટર્નલની ઓફલાઇન પરીક્ષાનું પરિણામ ૧૦ દિવસમાં જ જાહેર કરી દેવાયું છે. થર્ડ યર બીકોમ એક્સટર્નલનું પરિણામ ૩૪ ટકા અને બીએ સેમેસ્ટર-૧નું પરિણામ ૭૬ ટકા જાહેર કરાયું છે.

દિવાળી વેકેશન પછી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પરીક્ષાઓનો દૌર ચાલી રહ્યો છે. જેમાં ફેબ્રુઆરી માસમાં શરૂ થયેલી અને હાલમાં ૧૪ માર્ચે જ પૂરી થયેલી બીકોમ એક્સટર્નલ થર્ડ યરની ઓફલાઇન પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવાયું છે. ૫૭૫ વિદ્યાર્થીઓ સાથે ૩૪.૦૭ ટકા પરિણામ આવ્યું છે. ૭ વિદ્યાર્થીઓને સેકન્ડ ક્લાસ અને ૧૪૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૨૯૮ વિદ્યાર્થીઓ નાપાસ અને ૧૧૫ ગેરહાજર હોવાનું નોંધાયું છે. આ સાથે જ ફેબ્રુઆરી માસમાં શરૂ થયેલી બીએ ફર્સ્ટ સેમેસ્ટરની પરીક્ષાનું પરિણામ પણ જાહેર થયું છે. તેમાં કુલ ૧૭૧૬૬ વિદ્યાર્થીઓ પૈકી ૧૩૦૭૫ વિદ્યાર્થીઓ પાસ થતાં ૭૬.૧૭ ટકા પરિણામ આવ્યું છે. તેમાં ૨૪૧૭ વિદ્યાર્થી નાપાસ અને ૮૨૯ વિદ્યાર્થી ગેરહાજર નોંધાયા છે. ૩૮૦ વિદ્યાર્થીના ફોર્મ વીથડ્રો કરાયા છે. જ્યારે ૩૬૧ વિદ્યાર્થીઓનું પરિણામ અનામત રાખવામાં આવ્યા છે.

## ભૌતિકશાસ્ત્ર વિભાગ

### ત્રિ–દિવસીય લેક્ચર, વર્કશોપ : પ્રો. ડૉ. કિશોર પોરીયા

તા. ૨૮–૦૩–૨૦૨૨ થી તા. ૩૦–૦૩–૨૦૨૨ દરમ્યાન આંધ્રપ્રદેશની સુપ્રસિધ્ધ આંધ્ર  લોયાલા કોલેજ, વિજયવાડા ખાતે ઈન્ડિયન અકેડમી ઓફ સાયન્સ (બેંગ્લોર), ઈન્ડિયન નેશનલ સાયન્સ અકેડમી (ન્યુ દિલ્હી) અને ધ નેશનલ અકેડમી ઓફ સાયન્સ (અલ્હાબાદ)ની સંયુક્ત સાયન્સ એજયુકેશન પેનલ દ્વારા ભૌતિકશાસ્ત્ર વિષય દ્વારા પ્રભાવઠ ટેકનોલોજીનાં ક્ષેત્રમાં પ્રદાનને વેગ આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ભારતનાં ખ્યાતનામ વૈજ્ઞાનિકો કે જેઓ સ્માર્ટ મટીરીયલ્સનાં સંશોધનમાં કાર્યરત છે. તેવાં વૈજ્ઞાનિકોએ વ્યાખ્યાનો આપી અને ખુલ્લા મંચથી ખુલ્લા દિલે ચર્ચા વિચારણાઓ કરી હતી. સ્માર્ટ મટીરીયલ એ ફંકશનલ મટીરીયલ છે. તેને ઈન્ટેલીજન્ટ અથવા રીસોયન્સીવ મટીરીયલ પણ કહે છે. કાર્યક્રમનાં સંયોજક એવાં પ્રો. સી. કે. જયશંકર કે જેવો શ્રી વેંકેટશ્વરા યુનિવર્સિટી, તિરૂપતિનાં નિવૃત્ત પ્રોફેસર છે અને તેઓએ સ્માર્ટ મટીરીયલ્સનાં મૂળભૂત સિધ્ધાંતો,તેની લાક્ષણિકતાઓ અને તેનાં ગુણધર્મો સહિતની સમજ આપી હતી અને આવાં મટીરીયલ્સનાં ગુણધર્મોની ચકાસણી માટે વપરાતી વિવિધ ટેકનીકોની બૃહદ માહિતી આપી હતી. આચાર્ય નાગાર્જુન યુનિવર્સિટી, ગુંટૂરનાં રીસર્ચ ડાયરેકટર પ્રો. એન. વીરાઈહે અદ્યતન ગ્લાસ સીરામીકનો સ્માર્ટ મટીરીયલ્સ તરીકેનાં ઉપયોગનું વર્ણન કર્યુ હતું આર્ચહેમ યુનિવર્સિટી ઓફ હૈદરાબાદનાં પ્રોફેસર સોમા વેણુગોપાલ રાવે આપણી ડીફેન્સ સીસ્ટમમાં નેનો મટીરીયલ્સ અને સ્માર્ટ મટીરીયલ્સનાં ઉપયોગ અને વિકાસ અંગેની માર્ગરેખાનો વિશદ ખ્યાલ આપ્યો હતો. હાલ પહેરી શકાય એવા ફલેકિસબલ ઈલેકટ્રોનિક ગેઝેટમાં વિવિધ પ્રકારનાં માઈક્રોવેવ તથા એન્ટેના વિષેની માહિતી આપી હતી. સ્માર્ટકારમાં અસંખ્ય પ્રકારનાં એન્ટેના તેમજ રોડ પર વાહનનાં ઝડપી પરિવર્તન માટે ટોલ ટેક્ષમાં વપરાતી ચીપ અને એ.ટી.એમ. કાર્ડની ચીપ અંગેની માહિતી આપી હતી. આઈજી કાર–કલપકકમનાં ખ્યાતનામ વૈજ્ઞાનિક ડૉ. જહોન ફીલીપે ભારતમાં વિકાસ પામી રહેલા સ્માર્ટ મેગ્નેટીક ફલુઈડની સિન્થેસીસ પ્રક્રિયા અને તેની વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગીતા વર્ણવી હતી. એન.આઈ.ટી. વાંરેગલનાં અબ્દુલ અઝીમે ટીસ્યુ એન્જિનિઅરીગમાં સ્માર્ટ મટીરીયલ્સની જરૂરિયાત અને ઉપયોગીતા પર રસપ્રદ વાતો કરી હતી. સી–મેટ હૈદરાબાદનાં પ્રો.વી.એન.મણીએ આગવા અંદાજમાં એરો સ્પેસમાં વપરાતી ચોકકસ નેનો ઈલેકટ્રોનીક ડીવાઈસનાં વિકાસમાં અને ટેકનોલોજીમાં સી–મેટની અવલ્લતા અંગે વાતો કરી હતી. આઈ.આઈ.એ.સી. બેંગ્લોરના ખ્યાતનામ વૈજ્ઞાનિક પ્રો.શ્રીનિવાસન નટરાજને મીનરલ અને પીગમેન્ટમાં વપરાતાં વિશેષ સ્માર્ટ મટીરીયલનાં બંધારણ અને લાક્ષણિકતાઓ વર્ણવી હતી. એક્ષ.આર.ડી.ના ઉપલબ્ધિઓ, ઉપયોગીતાઓ વિશ પણ વિશેષ માહિતી આપી હતી. જેન ટીયુએચ હૈદરાબાદનાં ડૉ. વેંકટેશ્વર રાવે નેનો સ્ટ્રકચરનો વ્યાપક પણે સેનસર ટેકનોલોજીનાં ઉપયોગી વાત વર્ણવી હતી. આપણી યુનિવર્સિટીનાં ભૌતિકશાસ્ત્રનાં વિભાગીય અધ્યક્ષ ડૉ. કિશોરભાઈ પોરીયાએ સમગ્ર નેનો ટેકનોલોજી, સ્માર્ટ મટીરીયલ્સ, કવોન્ટમ ડોટસ, સ્પીનટ્રોનીક્સ જેવા એડવાન્સ મટીરીયલ્સ વિશેનાં ઉલ્લેખ સાથે સમગ્ર કાર્યક્રમમાંથી મેળવેલા તમામ નવા જ્ઞાનથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને વિશ્વનાં વિકાસમાં આપણી ભૂમિકાને વિદ્યાર્થીનાં કર્તવ્ય બોધ વિષે વાત કરી હતી. હાલનાં વિદ્યાર્થીઓ પણ સ્માર્ટ બની રહ્યા છે. ત્યારે અધ્યાપકે તેમના માટે સ્ટીમ્યુલક તરીકે કામ કરવું જોઈએ અને તે ભારતમાં સરળતાથી થઈ શકે તેમ છે. જે ભારતને વિશ્વગુરૂ બનાવવામાં મદદરૂપ થઈ શકશે.







## Department of Biotechnology

### વર્કશોપ










વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (GSBTM), DST, ગવર્મેન્ટ ઓફ ગુજરાત દ્વારા તા. ૦૭ અને ૦૮ માર્ચ ૨૦૨૨ના રોજ ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંત્રપ્રીનોર ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયા (EDII), અમદાવાદ તેમજ આઈડિયા એન્ડ ઇનોવેશન સેલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે બે દિવસીય વર્ક શોપ 'બાયોટેકનોશીપ અવેરનેસ પ્રોગ્રામ (BIO-EAP)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઠ અલગ અલગ સેશન પર વક્તા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાતની વિવિધ કોલેજોમાંથી ૯૦ જેટલા વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજીના બે દિવસ અવેરનેસ પ્રોગ્રામમાં સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ સહાય તેમજ પ્રોત્સાહન વિશે માહિતી આપવામાં આવી હતી. આ બે દિવસ અવેરનેસ પ્રોગ્રામમાં ઉદ્યોગસાહસિક વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ અંગે વિચારવું અને સ્ટાર્ટઅપને કઈ રીતે આગળ વધારવું તે અંગેની માહિતી આપવામાં આવી હતી. સ્ટાર્ટઅપને કઈ રીતે ૦ થી ૧ માં લઈ જવું તેના વિશેનું માર્ગદર્શન આપ્યું હતું. અને GSBTM દ્વારા મેન્ટરીગ, ફંડિંગ અને બીજા કયાં કયાં સપોર્ટ GSBTM દ્વારા આપવામાં આવે તેના વિશે જણાવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ તેમજ તેને માટેની વિવિધ પ્રવૃત્તિઓ અને સહાય વિષે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટઅપ માટે અત્યંત જરૂરી એવા બિઝનેસ મોડલ કેનવાસ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. Awareness Programme માં સમગ્ર જીલ્લામાંથી ઘણાં વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ, ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકો લોકોએ ભાગ લીધો હતો. આ Awareness Programme નો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ અંગે વિચારણા કરવા અંગેનો છે.

### Competitions









Marked achievement by Students of Department of Biotechnology, Veer Narmad South Gujarat University, Surat at First State Level Intercollegiate Competitions under the aegis of Gujarat Integrated Bio Network [GIBioN] organized by P. D. Patel Institute of Applied Science, Charotar University of Science and Technology (CHARUSAT), Changa and sponsored by Gujarat State Biotechnology Mission (GSBTM), Department of Science and technology (DST), Government of Gujarat, Gandhinagar on 12th March, 2022. An event was organized to encourage the life science's students to express their knowledge, skills, enthusiasm by preparing models, providing extempore speech, and developing new biotech based ideas to solve local problems.

Competitions among Post Graduate students from 7 different Universities and Colleges were related to:

1. Biotechnology lead ideas to solve local problem: Success stories/Original idea.
2. Model Making
3. Extempore speech
4. Abstract writing
5. Bio-Quiz

Total 23 students from the Biotechnology department participated in different events accompanied by teachers Mrs. Tanvi Tamakuwala & Ms. Pooja Shukla.

- Priya Pradhan from M. Sc. Biotechnology Semester-VIII grabbed First Prize in Abstract writing.
- Abhishek Singh, Anjali Upadhyay and Kajal Bhavsar of M. Sc. Biotechnology Semester-VIII grabbed Third Prize in Model Making related to Pancreatic Cancer.

Course Coordinator Dr. Gaurav Shah as well as teaching and non-teaching staff members of the department congratulated participants for bringing laurels to the department as well as University.

## Department of Economics and Commerce

## India's Nationally Determined Contribution for Climate Change Target and Possibilities








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગનાં સંયુકત પ્રયાસો દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઓનલાઈન માધ્યમ તરીકે બીજું વ્યાખ્યાન તા. ૭–૩–૨૦૨૨ને સોમવાર બપોરે ૩:૦૦ વાગે આયોજીત કરવામાં આવ્યું હતું. જેનો વિષય India's Nationally Determined contribution for Climate change target and possibilities હતો. જેના મુખ્ય વક્તા ડૉ. ધારા વઘાડિયા હતા. જે ગુજરાત વિધાપીઠમાં ગ્રામીણ અર્થશાસ્ત્ર વિભાગમાં અધ્યાપક તરીકે ફરજ પૂરી પાડે છે. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત શ્રી મયુર દદ્રેશા દ્વારા કરવામાં આવી તેમણે મુખ્ય

વક્તા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી, અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. એસ. શ્રીનીવાસા રાવ કોમર્સ અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકો અને તમામ ઓનલાઈન જોડાયેલાં પ્રાધ્યાપકમિત્રો અને વિદ્યાર્થી મિત્રોનું સ્વાગત કર્યું.

ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં વડા ડૉ.એસ. શ્રીનીવાસા રાવએ તુલસીનો છોડ આપીને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનું સ્વાગત કર્યું. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયાએ મુખ્ય મહેમાન, મુખ્ય વક્તા અને દરેક શ્રોતાઓનું શાબ્દિક સ્વાગત કર્યું અને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનો વિદ્યાર્થીઓના હિત માટે અવારનવાર આવા વ્યાખ્યાનો કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવા અને વ્યાખ્યાનોનાં આયોજન માટે ટેકનીકલ સહાય પૂરી પાડવા બદલ આભાર વ્યકત કર્યો. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પોતાનું વકતવ્ય વિષયનાં સંદર્ભમાં રજુ કર્યુ. તેમના મુજબ 'Climate change' વિષય પર ચર્ચા કરવાથી આ સમસ્યાને રોકી નહી શકાય પરંતુ દરેક વ્યકિત પોતાના વ્યકિતગત જીવનમાં આ વાતોનું કેટલું અનુકરણ કરે છે તે મહત્ત્વનું છે. તેમણે 'Creuse', 'Reduce' 'Recycle' અંગે ચર્ચા કરી. ત્યારબાદ મુખ્ય વક્તા ડૉ. ધારા વઘાડિયાએ પોતાના વકતવ્યની શરૂઆત તમામ શ્રોતાઓનું સ્વાગત કરીને કરી. તેમણે સૌ પ્રથમ ઉપરોક્ત વિષય અંગે પૂર્વભૂમિકા રજૂ કરી વિષય અંગેની સમજ પૂરી પાડી. ત્યારબાદ વૈશ્વિક આબોહવા પરિવર્તન પાછળનો ઈતિહાસ જણાવ્યો અને તેમાં વિશ્વના દેશો કેટલા ટકા ફાળો છે તે જુદાજુદા દેશોના સંદર્ભમાં જણાવ્યું. તેમણે આ સમસ્યાને રોકવા બનાવાયેલી યોજનાઓ, પુન:પ્રાપ્ય ઊર્જાસ્ત્રોતો અંગે ચર્ચા કરી. તેમણે જણાવ્યું કે આ વિષય પર વ્યવહારુ ઉપયોગ થઈ શકે તેવા સંશોધનની આવશ્યકતા છે. તેમણે જણાવ્યું કે આ મુશ્કેલી કોઈ એક દેશ કે પ્રદેશના પ્રયત્ન દ્વારા સફળતા પ્રાપ્ત થાય તેવી નથી એના માટે વ્યકિતગત સ્તરે પ્રયત્ન થાય તો જ આ સમસ્યામાંથી આપણે બહાર આવી શકીએ. ત્યારબાદ ડૉ. ધારા વઘાડિયાએ દરેક શ્રોતા ગણોનો વ્યાખ્યાનમાં જોડવા બદલ અને પોતાને વ્યાખ્યાન આપવાની તક આપવા બદલ આભાર વ્યકત કરી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યુ. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ.એસ.શ્રીનીવાસા રાવે ડૉ. ધારા વઘાડિયાને વકતવ્ય આપવા બદલ આભાર વ્યકત કર્યો અને ઉપરોકત વિષયનાં સંદર્ભમાં થોડી ચર્ચા કરી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યુ. ત્યારબાદ કોમર્સ વિભાગનાં અધ્યાપિકા ડૉ. ફાલ્ગુની ઠક્કર દ્વારા વ્યાખ્યાન દ્વારા મહત્વની માહિતી પૂરી પાડવા બદલ ડૉ.ધારા વઘાડિયાનો આભાર વ્યકત કરી વ્યાખ્યાન કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી ઓનલાઈન માધ્યમથી ૭૫ જેટલા શ્રોતાઓએ જોડાઈને વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

## Gender Perspectives in Devlopment on Occasion of International Women's Day






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી મુકામે જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચોથું વ્યાખ્યાન તારીખ ૮–૩–૨૦૨૨ને મંગળવારે બપોરે ૧૨:૩૦ કલાકે અર્થશાસ્ત્ર વિભાગના સેમીનાર હોલમાં ઓફલાઈન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સૌપ્રથમ સરસ્વતી વંદના અને દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી. ત્યારબાદ ડૉ. મનીષ પટેલ દ્વારા મહિલા દિનની ઉજવણી સ્વરૂપે કોમર્સ અને અર્થશાસ્ત્ર વિભાગનાં મહિલા પ્રાધ્યાપકો અને બિનશૈક્ષણિક સ્ટાફની મહિલાઓ તથા વિદ્યાર્થીની બહેનોનું પુષ્પ આપીને સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. ફાલ્ગુની ઠક્કરે મહિલા દિન નિમિતે પોતાનું વકતવ્ય રજુ કર્યુ અને કાર્યક્રમનાં મુખ્ય વક્તા ડૉ. એસ. શ્રીનીવાસા રાવને પોતાનું વકતવ્ય રજુ કરવા માટે આમંત્રિત કર્યા. ડૉ. એસ. શ્રીનીવાસા રાવે પોતાના વકતવ્યની શરૂઆત મહિલા દિનની શુભેચ્છાઓ પાઠવીને કરી. ડૉ. એસ. શ્રીનીવાસા રાવએ પોતાના વકતવ્યમાં વિષય "Gender Perspectives in Devlopment on Occasion of International Women's Day" પર વિસ્તૃત ચર્ચા કરી. તેમાં મહિલાઓ અને પુરુષોનો દેશના વિકાસમાં કેટલો ફાળો છે તે અંગે ચર્ચા કરી જાતિય સમાનતા કઈ રીતે જાણી શકીએ તે અંગે વાત કરી. મહિલાઓની આર્થિક ભાગીદારીમાં કેટલી સમાનતા છે તે અંગે ચર્ચા કરી. તેના પર જે પણ સંશોધન થયા છે તે અંગે જાણકારી આપી. તેમાં સામાજિક અને આર્થિક અસમાનતા

વિષે વાત કરી. તેમણે જણાવ્યું કે જાતીય અસમાનતા માટે કેટલીક વખત માતા–પિતા જવાબદાર હોય છે તેમાં છોકરા અને છોકરીઓને બાળપણથી સમજાવવામાં આવે છે કે છોકરીને કેવું વર્તન કરવું અને છોકરાને કેવું વર્તન કરવું કઈ બાબત છોકરાથી થઈ અને છોકરીઓથી ન થઈ તે બાબત બાળપણથી સમજાવવામાં આવે છે જેથી જાતીય અસમાનતા સમાજમાં વિકસે છે. ત્યારબાદ તેમણે પોતે કરેલા જાતીય અસમાનતા અંગેના સંશોધન અંગે ચર્ચા કરી. ત્યારબાદ તેમણે પોતાનું વકતવ્ય સાંભળવા બદલ શ્રોતાઓનો આભાર વ્યકત કરી વકતવ્ય પૂર્ણ કર્યું. ત્યારબાદ યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. આરતી રાજ્યગુરૂએ વિશ્વ મહિલા દિવસ પર પોતાના જીવનમાં કેટલાક અનુભવો વ્યકત કર્યા અને આ વ્યાખ્યાનમાં આમંત્રિત કરવા બદલ આભાર વ્યકત કર્યો. પ્રોત્સાહન આપતી અરુણીમા સિંહ અને દીપા માલિમનાં જીવન સંઘર્ષ દર્શાવતી બે શોર્ટ ફિલ્મ નિહાળી. ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા અધ્યાપકો અને વિદ્યાર્થી મિત્રોનો વ્યાખ્યાનમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કર્યો અને તમામ શ્રોતાગણ અને અતિથિઓને અલ્પાહાર કરાવી કાર્યક્રમ પૂર્ણ કર્યો. આ વ્યાખ્યાનનો ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.








## લેખનશુધ્ધિ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગનાં સંયુકત પ્રયાસો દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાનું બીજું વ્યાખ્યાન ઓફલાઈન માધ્યમથી તા. ૫–૩–૨૦૨૨ને શનિવારે સવારે ૧૧:૩૦ કલાકે કોમર્સ વિભાગ ખાતે લેખનશુધ્ધિ વિષય પર આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય વક્તા તરીકે ડૉ. ધ્વનિલ પારેખને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેની શરૂઆત કોમર્સ વિભાગનાં મયુર દદ્રેશા દ્વારા કરવામાં આવી તેમણે વ્યાખ્યાનમાં આવેલા મુખ્ય વક્તા, કોમર્સ અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકો તથા તમામ શ્રોતાગણોનું સ્વાગત કર્યું. ત્યારબાદ મુખ્ય વક્તા તરીકે ડૉ. ધ્વનિલ પારેખનું ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા તુલસીનો છોડ ભેટ સ્વરૂપે આપીને સ્વાગત કર્યું. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. ધ્વનિલ પારેખનો વિસ્તૃત પરિચય આપ્યો તથા કોમર્સ વિભાગનાં અધ્યાપકોનો પરિચય

આપ્યા બાદ ડૉ.ધ્વનિલ પારેખને પોતાનું વકતવ્ય રજુ કરવા માટે આમંત્રિત કર્યા.

ડૉ. ધ્વનિલ પારેખે વ્યાખ્યાનની શરૂઆત પોતાના ભાષા અંગેનો અનુભવો વ્યકત કર્યા અને ત્યારબાદ લેખનશુધ્ધિમાં આવતી સમસ્યા વિષે ચર્ચા કરી જેમાં દરેકને અનુસ્વાર અને રેફ ચિન્હ્નાં ઉપયોગ માટેના નિયમોની ચર્ચા કરી, સાથે સાથે હ્સ્વાઈ અને દીર્ઘઈનાં ઉપયોગમાં થતી સમસ્યા અને તેનો સાચી રીતે ઉપયોગ લેખનકાર્યમાં કઈ રીતે કરવો તે અંગે અમુક ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓને સમજાવ્યા. તેમણે જણાવ્યું કે હ્સ્વાઈ અને દીર્ઘઈ ચિન્હનો ઉપયોગ શબ્દ લખતી વખતે જો ઉન્ધો કરવામાં આવે તો તેનો અર્થ બદલાઈ જાય છે માટે સાચી જોડણીએ લેખનશુધ્ધિ માટે ખૂબ જ જરૂરી છે. ત્યારબાદ તેમણે શ્રોતાઓના લેખનશુધ્ધિ અંગે કેટલાક પ્રશ્નોનાં પણ જવાબ આપ્યા અને મોબાઈલમાં "સાર્થ જોડણી કોશ" નામની એપ્લીકેશનનો ઉપયોગ કરવા માટે સુચન આપ્યું. તેમણે જણાવ્યું કે લેખનકાર્ય કરતી વખતે જો તમારું મન લેખનનાં નિયમો અને ભાષા અંગે સજાગ હશે તો ૮૦ ટકા ભૂલો ઓછી થઈ જશે. ત્યારબાદ તેમણે આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે આમંત્રિત કરવા બદલ આભાર વ્યકત કર્યો અને પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું. ત્યારબાદ ડૉ. યોગેશ એન.વાંસિયાએ મુખ્ય વક્તા ડૉ.ધ્વનિલ પારેખ, અધ્યાપકો અને તમામ શ્રોતાઓનો વ્યાખ્યાનમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કર્યો. લેખનશુધ્ધિનાં વ્યાખ્યાનમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## Department of Interior Design

### Workshop

In Dept. of Interior Design, as a part of Academic Curriculum Metal Workshop is one of the skill based subjects. In which Asst. Prof. Ankit Changawala, Sculpture artist Mr. Jenish Vagh and Dept. Co-ordinator Mr. Mehul Patel has designed the exercise for online as well offline mode. Students have asked to sketch landmarks that come within their route from home to University. Sketches done by students have been composed in such a way that it tells their story of their journey. These sketches, with help of thread work converted into continuous line work which was later made with 4mm and 6mm metal rod by students with their own skills. All the metal rod bending, cutting, welding, painting and installation was done at the department by students only.






## વિશ્વ માતૃભાષા દિવસ

"International Mother Language Day" was celebrated at Department of Interior Design in which students have presented their thoughts in form of poem.




## કોલેજ ન્યૂઝ

## જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### ઈનામ વિતરણ કાર્યક્રમ






તા. ૨ માર્ચ, ૨૦૨૨ને બુધવારના રોજ સવારે ૯:૩૦ કલાકે જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલીત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં શૈક્ષણિક પ્રવૃતિઓના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ–બહેનોનો ઈનામ વિતરણ સમારંભ સુરતના મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા પ્રમુખપદે તેમજ મુખ્ય મહેમાન તરીકે જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ વી. શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, આચાર્યશ્રી પ્રો. ડૉ. મુકેશભાઈ ગોયાણી, આચાર્યશ્રી પ્રો. દિલીપભાઈ પરમાર તથા સ્થાનિક કોર્પોરેટરશ્રોઓએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય મહેમાન શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા દ્વારા અમરોલી કોલેજની તમામ પ્રકારની સિધ્ધિઓ અંગે, મહિલા સશકિતકરણ અંગે અને સંચાલક મંડળનાં સહયોગની પ્રસંશા કરી હતી.

સમારંભની શુભ શરૂઆત કૉલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. દર્શના ટાંકે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ કાર્યક્રમના મહેમાનોનો આવકાર તથા પરિચય આપ્યો હતો. કાર્યક્રમનાં પ્રમુખપદે સુરતાના મેયર શ્રીમતિ હેમાલીબેન બોઘાવાલા અને જીવન

જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ વી. શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ તથા મહેમાનશ્રીઓના વરદ્હસ્તે દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી વિવિધ પ્રવૃતિઓમાં સફળતા બદલ કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમના અંતમા બી.એ., બી.કોમ., એમ.કોમ. અંગ્રેજી માધ્યમનાં દરેક વર્ગમાંથી થયેલ પ્રવૃતિઓનાં દાતા તરફથી મળેલ દાનથી કુલ ૧૭૦ વિદ્યાર્થીઓને નયન રમ્ય ટ્રોફીઓ અને ઈનામો આપ્યાં હતા. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

સમગ કાર્યક્રમનું સંચાલન ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ તેમજ શિલ્ડ વિતરણ સંચાલન, ડૉ. આર.એન.સદરી, શ્રી કે.આર.સોલંકી અને વહીવટી પરિવાર અને ઉદ્‌ઘોષક તરીકેની સેવા પ્રા.ડૉ.બળવંતભાઈ ઢીમ્મર, તેમજ પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર સન્માનવિધિ અને આભારવિધિ – પ્રા.ડૉ.ચિરાગ કે. સિધ્ધપુરીયાએ કરી હતી. ઈનામોની જાહેરાત ડૉ. રીતુબેન અગ્રવાલ, ડૉ.ઝંખનાબેન પરમાર, ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરીયા, પ્રા.બી.એન.પટેલ, પ્રા.નેહાબેન ઉપાધ્યાય, પ્રા. શ્વેતા પટેલ, પ્રા. છાયાબેન નાયક, પ્રા. કમલેશભાઈ સાવલિયા, પ્રા.બી.ડી.પટેલ, પ્રા. મેઘા મહેતા, પ્રા.કે.એસ.સુતરીયા, પ્રા.એચ.બી.પટેલ, પ્રા.એન.બી.બારિયા,પ્રા.મેઘા જોષીએ કરી હતી.

## "સ્વ સુરક્ષા" : સેમિનાર

તા. ૮/૩/૨૦૨૨ને મંગળવારનાં રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી કોલેજમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓ માટે સ્વ સુરક્ષા માટે ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમિનારમાં અમરોલી પોલીસ સ્ટેશનમાં છેલ્લા ૫ વર્ષથી PSI તરીકે ફરજ બજાવી રહેલ હેતલબેન કડછા, કંચનબેન છગનભાઈ, મહિલા અને બાળકોના કલ્યાણ વિભાગમાં કામ કરી રહેલ ભાગ્યશ્રીબેન મનસુખભાઈ પણ હાજર રહી સ્વ–સુરક્ષા અને સ્વ–બચાવ પર યોગ્ય માર્ગદર્શન આપી યોગ્ય ટેકનિક બતાવી કે કેવી રીતે પોતાનો બચાવ કરી શકાય. આ સાથે કોલેજમાં જ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ એ પણ વર્ગોમાં જઈને આ વિશે માહિતી પૂરી પાડેલ હતી. આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન N.S.S. ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ હતું. કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા પણ આ કાર્યક્રમમાં હાજર હતા. જેમના નેતૃત્ત્વ હેઠળ આ સેમિનાર સફળ રહ્યો. ઉપસ્થિત તમામ મહેમાનોનો પરિચય N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રા. છાયાબેન નાયકે કરાવ્યો હતો. કાર્યક્રમને અંતે આભાર વિધિ પ્રા. મેઘા મહેતા એ કરેલ હતી.









## રકતદાન શિબિર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ તથા

અમરોલીનો એન.એસ.એસ. વિભાગ, સુરત રક્તદાન કેન્દ્ર, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન–સુરત, ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના સંયુક્ત સહયોગથી ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં નેતૃત્ત્વ હેઠળ બુધવાર તા. ૨૩–૩–૨૦૨૨નાં રોજ અમરોલી કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૧–૨૦૨૨ દરમ્યાન તૃતીય રક્તદાન શિબિરનું આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કોલેજના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, અમરોલી કોલેજ પરિવાર તથા એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.બી.એન.પટેલ તથા એન.એસ.એસ.ના સ્વયંસેવકો સુરજ લુખી, વિવેક ખૂંટ, પ્રતીક પંડયા, માનવ ભાલાળા, સંજય મોદી, આશિષ સુથાર, સમ્રાટ બુટાણી, અનિકેત શિરોયા, દેવ જોશી અને બોરડ નેન્સી તેમજ એન.એસ.એસ.ના અન્ય સ્વયંસેવકો અને તેમની ટીમે કર્યુ હતું. આ શિબિરમાં ૩૧ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યુ હતું. ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન–સુરત તેમજ અમરોલી કોલેજ પરિવાર તરફથી સ્મૃતિભેટ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

આભારવિધિ એન.એસ.એસ. પ્રોગામ ઓફિસરશ્રી પ્રા.બી.એન.પટેલ સાહેબે કરી હતી તથા રક્તદાન અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી રક્તદાનની અપીલ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કોલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ. એસ.ના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.





## ગોલ્ડ મેડલ

૧. તા. ૧૪ થી ૧૭ માર્ચ, ૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ઉપક્રમે યુનિવર્સિટી એથ્લેટીક ટ્રેક પર યોજાયેલ ૪૮માં યુનિવર્સિટી ખેલકૂદ રમતોત્સવ ૨૦૨૧–૨૨ માં અમરોલી કોલેજના બી.એ. સેમસ્ટર–૪ના વિદ્યાર્થી શ્રી પ્રકાશસિંહ એસ. ઠાકુરે ૪૦૦ મીટરની દોડમાં ૫૧.૫૦ સેકન્ડમાં દોડી યુનિવર્સિટીનો નવો રેકોર્ડ બનાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો. જયારે ૨૦૦ મીટર દોડમાં પણ ૨૩.૦૯ સેકન્ડનો સમય આપી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. ઉપરોકત બેવડી સિદ્ધિઓ મેળવી તેઓએ કોલેજનું ગૌરવ વધાર્યુ છે. વિજેતા ખેલાડીને જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી કોલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. રૂસ્તમ એન. સાદરી, શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતા.




૨. તા. ૧૪ થી ૧૭ માર્ચ, ૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ઉપક્રમે યુનિવર્સિટી એથ્લેટીક ટ્રેક પર યોજાયેલ ૪૮માં યુનિવર્સિટી ખેલકૂદ રમતોત્સવ ૨૦૨૧–૨૨ માં અમરોલી કોલેજના બી.કોમ. સેમસ્ટર–૪ના વિદ્યાર્થિની શ્રી રેણુકા કોઠારીએ ૧.૨૩ મીટરની લાંબી કુદમાં ગોલ્ડ મેડલથી સિદ્ધિ મેળવેલ છે. આ ખેલાડીને શ્રેષ્ઠ કોચીંગ કોલેજના પ્રા. ડૉ. રૂસ્તમ એન. સોદરીએ આપ્યુ હતું. વિજેતાઓને જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી, ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.



## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### ગૌરવ






તા. ૫–૩–૨૦૨૨ થી તા. ૯–૩–૨૦૨૨ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ૪૮મો યુવક મહોત્સવ યોજાયો હતો. યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં ભાગ લેનાર તમામ કોલેજો પૈકી જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોર્મસ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીના વિદ્યાર્થિનીઓએ રજુ કરેલ "એક વણઝારી ઝુલણાં ઝુલતી તી...." ગરબાએ પ્રથમ ક્રમ મેળવી કોલેજને ગૌરવ અપાવ્યું છે. ગરબા સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થિનીઓને કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા હસ્તક સર્ટીફિકેટ તેમજ ગરબા વિજેતા ફરતી ટ્રોફી આપવામાં આવી હતી. ગરબા સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓ ઉપરાંત ગરબા સ્પર્ધાની તૈયારીઓ કરાવનાર પ્રા. ડૉ. હિરલ પટેલ, પ્રા.ડૉ.સુધાધારા સામલ, પ્રા. જ્યોતિકા ટેલર અને પ્રા.ડૉ. છાયા પટેલને આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી, બી.કોમ. કો–ઓર્ડિનેટર શ્રી ધરીતભાઈ નાયક, બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા, બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. જૈમિન શુકલા તેમજ શૈક્ષણિક–વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના ટ્રસ્ટીગણ તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### ગૌરવ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત ૪૮માં "યુવા મહોત્સવ"માં શાસ્ત્રીય વાદ્ય સંગીતમાં એ.વી.પટેલ કોમર્સ કોલેજના વિદ્યાર્થી પ્રિયાંશુ એચ. સોનીએ દ્વિતીય ક્રમ મેળવ્યો છે. કોલેજ પરિવાર ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે. આ સિદ્ધિ બદલ કોલેજના ઈ.ચા.આચાર્યાશ્રી વર્ષાબેન રાણા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. પાર્થ ઠક્કર તથા મંડળના પદાધિકારીઓએ અભિનંદન પાઠવ્યાં હતા.

### બીઝિનેસ રેગ્યુલેટરી ફ્રેમવર્ક : સેમિનાર






બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં બીઝિનેસ રેગ્યુલેટરી ફ્રેમવર્ક વિષય પર સેમિનારનું આયોજન

તા. ૦૨–૦૩–૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓએ કરી હતી. નવયુગ કોમર્સ કોલેજના પ્રા. આભાબેન નગરશેઠ બી.આર.એફ. વિષય પર વ્યકતવ્ય રજૂ કર્યું હતું, અને વિવિધ કલમો વિશે સચોટ માહિતી પૂરી પાડી હતી. આ સેમિનાર કરવા માટે ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાએ પ્રોત્સાહિત કર્યા હતા. આ સેમિનારનું આયોજન અને સંચાલન પ્રા. અંજલી પટેલ તથા આભારવિધિ પ્રા. પ્રતિક બરોડિયાએ કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનો ખૂબ સહકાર મળ્યો હતો.

## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, સુરત.

### સૂર્ય નમસ્કાર





આઝાદીનાં અમૃત મહોત્સવ ઉજવણી નિમિત્તે ૧૫ કરોડ સૂર્ય નમસ્કારના સરકારશ્રીના સંકલ્પને સાકાર કરવા માટે શ્રી જે. બી. ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સુરતની વિદ્યાર્થિનીઓને યોગા ટ્રેનર દ્વારા સૂર્ય નમસ્કારનાં ૧૨ સ્ટેપની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ દરમ્યાન સાચી રીતે સૂર્યનમસ્કાર કરવાનાં ફાયદાઓ વિશે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપ્યું હતું અને દરરોજ ૧૩ થી ૧૫ સૂર્યનમસ્કાર કરવાથી શરીરને થતા ફાયદા એટલે શારીરિક લાભો તેમજ રોગોથી બચવાથી આર્થિક લાભો અને સૂર્ય નમસ્કારની માનસિક સ્થિતિમાં પણ સુધારો થાય છે. તે વિશે વિદ્યાર્થીનીઓને માહિતગાર કરવામાં આવી હતી. સરકારશ્રીનાં આ સંકલ્પથી સમાજ અને સમાજમાં રહેલ વ્યકિતને થતા લાભોથી માહિતગાર કરી દરરોજ સૂર્ય નમસ્કાર કરવાના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### વાર્ષિકોત્સવ અને આનંદ મેળાનું આયોજન









તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત સત્યમ્ કોલેજ ઓફ એજ્યુકેશન બી.એડ. કોલેજ અને દિપજયોતિ કોલેજ ઓફ કોમર્સના સંયુકત ઉપક્રમે ૮મી માર્ચ ૨૦૨૨ને મંગળવારના રોજ 'વિશ્વ મહિલા સશકિતકરણ' થીમ અંતર્ગત વાર્ષિકોત્સવ અને આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ ઈ.ચા. કુલપતિશ્રી ડૉ. હેમાલિબેન દેસાઈ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ વિભાગના ડીનશ્રી ડૉ. પત્રલેખાબેન બારડ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત મહેમાનશ્રીઓના હસ્તે દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ બી.એડ. અને બી.કોમ.ની વિદ્યાર્થિનીઓ દ્વારા "હે શારદે મા.." પ્રાર્થનાગીત રજૂ કરવામાં આવ્યું. ત્યારબાદ દિપજયોત કોમર્સ કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વાગત નૃત્ય કરવામાં આવ્યું. તપોવન સંસ્કાર કેન્દ્રના નિયામકશ્રી જાગૃતિબેન પંડયા દ્વારા અતિથિશ્રીઓનો પરિચય તથા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ડૉ. હેમાલિબેન દેસાઈનું ડૉ. આશ્કાબેન શુકલ દ્વારા તથા ડૉ. પત્રલેખાબેન બારડનું માર્ગીબેન જોશી દ્વારા તુલસીનો છોડ અને મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું. તપોવન સંસ્કાર કેન્દ્રના ટ્રસ્ટી શ્રીમતી જયોતિબેન પંડયાનું બી.એડ્.ના પ્રાધ્યાપક ડૉ. અમિતાબેન યાદવ તથા નવજીવન વિદ્યાલયના આચાર્ય શ્રીમતી કિર્તીબેન જોશીનું પૂજાબેન મહેતાએ તુલસીનો છોડ આપી સ્વાગત કર્યુ.

શ્રી નર્મદા સંસ્કૃત વેદ પાઠશાળાના ઋષિકુમારો દ્વારા સંસ્કૃતિ ગીત રજુ કરવામાં આવ્યું. ત્યારબાદ તપોવન સંચાલિત બી.એડ. કોલેજ, કોમર્સ કોલેજ, સંસ્કૃત પાઠશાળા, DLSS સ્કુલ, આંબેડકર યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા ક્રમશઃ ગ્રુપ ડાન્સ, ફયુઝન ડાન્સ, નાટકો, સ્કીટ વગેરે કૃતિઓ રજુ કરવામાં આવી.

ટ્રસ્ટના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયાએ પોતાના ઉદ્‌બોધનમાં સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃતિઓથી વાકેફ કરી ટ્રસ્ટના આગામી આયોજન અંગે વાત કરી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે વર્ષ દરમિયાન અભ્યાસિક, સહઅભ્યાસિક અને સામાજીક ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને પરિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સંસ્થાના ઇ.ચા. આચાર્યાશ્રી ડૉ. આશ્કાબેન શુકલ તથા અધ્યાપકશ્રી ડૉ. નિલેશભાઈ ઉપાધ્યાયને પી.એચ.ડી.ની પદવી મેળવવા બદલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યાં હતા.

મુખ્ય મહેમાન પદેથી વકતવ્ય આપતા ડૉ. હેમાલીબેન દેસાઈએ વિશ્વ મહિલા દિનની શુભેચ્છાઓ પાઠવતા મહિલાઓમાં રહેલી સુષુપ્ત શકિતઓ વિકસાવવાની સાથે મહિલાઓને દરેક ક્ષેત્રમાં શ્રેષ્ટત્તમ પ્રદર્શન કરવા માટે આહ્‌વાન કર્યુ હતું જયારે ડીનશ્રી ડૉ. પત્રલેખા બારડે આવી પ્રવૃત્તિઓ થકી તાલીમાર્થી તેમજ વિદ્યાર્થીઓમાં રહેલી કળાઓને ખીલવાની તક મળે છે તેમ જણાવ્યું હતું.

વાર્ષિકોત્સવમાં વિવિધ વિભાગના વિદ્યાર્થીઓએ ડ્રામા, ડાન્સ, નાટક, સ્કીટ, નૃત્ય વગેરે રજૂ કર્યા જેમાં તેઓને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે વાર્ષિકોત્સવ સાથે ફનફેર પણ રાખવામાં આવ્યો જેમાં બી.એડ્., બી.કોમ.ના ભાઈઓ–બહેનોએ પોતાની વિવિધ વાનગીઓ અને પ્રવૃતિઓના સ્ટોલ પણ રાખ્યાં હતા.

વાર્ષિકોત્સવનું આયોજન બી.એડ., બી.કોમ.ની કલ્ચરલ કમિટિના કન્વીનર દિવ્યા રાણા તથા માર્ગી જોષી દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું એંકરીગ બી.એડ.ની તાલીમાર્થી બહેનો ત્રિપાઠી શિક્ષા, નિઝામા ક્રિષ્ના, ગોહિલ પ્રતિક્ષા, ગોહિલ જૈમિષા અને ખેર નિધિ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ બી.એડ.ના પ્રો.ડૉ. અમિતાબેન યાદવે વ્યકત કરી હતી. તેમજ કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગીતનું સમુહગાન કરી સમારંભની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ. કોલેજ, સુરત.

### સ્પોર્ટ્–ડે નું આયોજન



તા. ૫–૩–૨૦૨૨ના રોજ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ.કોલેજ, પાંડેસરા, સુરત ખાતે સ્પોર્ટ્–ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૭:૩૦ કલાકે સ્પોર્ટ્–ડેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સ્પોર્ટ્–ડેમાં મુખ્ય મહેમાન તરીકે વી.ટી.પોદ્દાર બી.સી.એ. કોલેજના અધ્યાપક શ્રી અજયભાઈ પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. દિપપ્રાગટય અને પ્રાર્થના દ્વારા સ્પોર્ટ્–ડેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પ્રા. અજયભાઈ પાટીલે વિદ્યાર્થીઓને પ્રેરિત કરતું વકતવ્ય આપ્યું હતું. સંસ્થાના પ્રાધાનાચાર્ય ડૉ. રિદ્ધિ દેસાઈએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. ત્યારબાદ મહેમાનશ્રી દ્વારા રીબીન કાપીને સ્પોર્ટ્–ડેને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રા. અંકિત જાદવ અને પ્રા. અમિત સુરતી દ્વારા સંપૂર્ણ સ્પોર્ટ્–ડેનું આયોજન કરવામાં આવ્યું હતું.એક દિવસીય સ્પોર્ટ્–ડેમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓ શારીરિક અને બૌદ્ધિક શકિતનો વિકાસ થાય તેવી રમતોનું આયોજન કરાયું હતું. તાલીમાર્થીઓએ દરેક રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક રમતમાંથી વિજેતાઓ ઘોષિત કરવામાં આવ્યાં હતા તે સર્વે વિજેતાઓને સંસ્થા પરિવાર વતી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## પ્રકાશપર્વ






શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વિમલ તોરમલ પોદ્દાર બી.સી.એ અને કોમર્સ કોલેજ, પાંડેસરા, સુરત ખાતે શ્રી ગુરુ તેગ બહાદુરજીનું ૪૦૦મું પ્રકાશપર્વ વર્ષની ઉજવણી તા. ૧૫–૩–૨૦૨૨૨ના રોજ કરવામાં આવી હતી. આ પ્રકાશપર્વ નિમિત્તે મુખ્ય અતિથિ તરીકે દિલ્હીથી શ્રી ડૉ. સ્વામી રમેશ્વરાનંદ (ન્યુરો સર્જન), રાષ્ટ્રીય સંત પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. બીજા અન્ય મુખ્ય મહેમાન તરીકે શ્રી અવિનાશજી જયસ્વાલ, શ્રી તારાચંદ ખૂરાના ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર, સેક્રેટરી શ્રી નીરજભાઈ પટેલ, વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ અને ત્રણેય કોલેજના પ્રધાનાચાર્યો, પ્રાધ્યાપક તેમજ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહેમાનનું શાબ્દિક સ્વાગત કોમર્સ કોલેજના પ્રાધ્યાપક અજય પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી દ્વારા ડૉ. સ્વામી રમેશ્વરાનંદનું સ્વાગત તુલસીના છોડ અને પુસ્તક અર્પણ કરી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી ગુરુ તેગ બહાદુરજીના જીવન વિશે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ડૉ. સ્વામી રમેશ્વરાનંદે વ્યાખ્યાન આપ્યું હતું. તેમના વ્યાખ્યાન દરમ્યાન વિદ્યાર્થીઓને ઉચિત માર્ગદર્શન મળી રહે તેવા આશય સાથે વ્યાખ્યાનની પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમનો અંત વંદે માતરમ્ ગાન સાથે પૂર્ણ જાહેર કરાયો હતો. આ કાર્યક્રમમાં પ્રો. નીતા ગોયાણીએ ઉદ્ઘોષકની ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમનું આયોજન કોમર્સ કોલેજના પ્રધ્યાપિકા રીયા સુખિયાજી અને હેતલ મહુવાગરાએ કર્યું હતું.

## શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ.

### ગોલ્ડ મેડલ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજીત ૪૮મી એથ્લેટીકસ મીટમાં એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થી પટેલ સતિષકુમાર ડાહ્યાભાઈ (ગામ–ભાંડુત) ઊંચી કુદની સ્પર્ધામાં ૧.૭૦ મીટર અને ટી.વાય.બી.એ. ના વિદ્યાર્થી મારુ ભરતકુમાર વાલુભાઈ (ગામ–અછારણ) ૧૧૦ મીટર, વિઘ્ન દોડ (હર્ડલ્સ)ની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવીને ઓલપાડ કોલેજ અને ઓલપાડ તાલુકાનું ગૌરવ વધાર્યુ હતું. આ અગાઉ જાન્યુઆરી– ૨૦૨૨માં મેંગલોર યુનિવર્સિટી (કર્ણાટક) દ્વારા આયોજીત ઓલ ઇન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી એથ્લેટીક સ્પર્ધામાં ભાગ લઈ સતિષ ડી. પટેલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ઓલપાડ કોલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલ (એડવોકેટ એન્ડ નોટરી), માનદ્ મંત્રીશ્રી રાયસિંહભાઈ ચૌહાણ, કોલેજના આચાર્યશ્રી ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલ, નિવૃત સ્પોર્ટ્ ડાયરેકટરશ્રી પ્રા. અરવિંદભાઈ પંચાલ અને હાલના જીમખાના અધ્યક્ષશ્રી પ્રા. જયેન્દ્રભાઈ એમ. રાણા (એન.સી.સી. ઓફિસર) સહિત સમગ્ર કોલેજ પરિવારે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી સતિષ પટેલ અને ભરત મારુને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## નવયુગ સાયન્સ કોલેજ, સુરત.

### ગોલ્ડ મેડલ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત એથ્લેટીકસ મીટની દોડની સ્પર્ધામાં એસ.વાય. બી.કોમ.માં અભ્યાસ કરતા શ્રી. મિહિર ડી. સૈલરે ૧૦૦ મી. દોડમાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ, ૨૦૦ મી. દોડમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ, ૮૦૦ મી. દોડમાં તૃતિય ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સિધ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ,

પ્રા. ડૉ. રાજેશભાઈ નાયક તથા શારીરિક શિક્ષણના પ્રા. સી. કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### International Women's Day

C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara celebrated International Women's Day by organizing a free homoeopathic Gynecological camp with various investigations like TSH, Blood Sugar, Hb for female where a large number of females took benefit.

Camp was followed by Surprise celebration for female employees by male staff, who organized Quiz Competition and honoured all female employees with flowers, gift & Sweet.

This was followed by celebration by female staff which included Antakshari, Passing the parcel, Secret Santa etc. College student Miss. Priyanka Upadhyay from 4th BHMS was felicitated for achieving 1st rank in classical Vocal Music & 2nd rank in sugam in Yuva Mahotsav at Veer Narmad South Gujarat University, Surat.

The event was concluded by gift to all. The entire programme was coordinated by Activity Committee head Dr. Dhruni Gavli & her team under the Guidance of Principal Dr. Jyoti Rao.






## Udhna Citizen Commerce College & & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### રમત ગમત સ્પર્ધા

૧. ઉધના કોલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા હેઠળ રમતગમત દિવસના ભાગરૂપે બહેનો અને ભાઈઓ માટે ૧૦૦ મીટર દોડની પ્રતિયોગિતા યોજાઈ હતી. 'આંતર વર્ગ ૧૦૦ મીટર દોડ–ટુર્નામેન્ટ (બહેનો)માં ૧. રંગોળીયા પ્રિન્સી ડી. (એફ.વાય.બી.સી.એ.), ૨. સોની કોમલ જે. (ટી.વાય.બી.કોમ.), ૩. બારભાઈવાલા ઉમ્મેકુલસુમ ઝેડ. (એસ.વાય.બી.બી.એ.) તથા ભાઈઓમાં ૧. પાંડે સૌરભ વી. (ટી.વાય.બી.સી.એ.), ૨. યાદવ હિરપેશ એસ. (ટી.વાય.બી.કોમ.) તથા ૩. યાદવ યશ એસ. (ટી.વાય.બી.કોમ.) વિજેતા રહ્યા હતા. તમામ વિજેતાઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





૨. ઉધના કોલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા હેઠળ, રમત ગમત દિવસનાં ભાગરૂપે બહેનો અને ભાઈઓ માટે આંતર વર્ગ સ્કીપીંગ રોપ સ્પર્ધા યોજાઈ હતી. આંતર વર્ગ સ્કીપીંગ રોપ (બહેનો) સ્પર્ધા–૨૦૨૨માં ૧. મિશ્રા સાક્ષી પી. (એફ.વાય.બી.સી.એ.), ૨. સાહુ અભિલાષા (એસ.વાય.બી.સી.એ.), ૩. કશ્યપ અંજલી. (એસ.વાય. બી.કોમ.) તથા (ભાઈઓ)માં ૧. પાંડે સૌરભ (ટી.વાય. બી.સી.એ.), ૨. સિંગ રાહુલ (એફ.વાય.બી.સી.એ.)

અને ૩. ડાકુઆ ચિરાગ (એફ.વાય.બી.કોમ.) વિજેતા રહ્યા હતા. તમામ વિજેતાઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઇ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



૩. ઉધના કોલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા હેઠળ, રમતગમત દિવસના ભાગરૂપે વોલીબોલ (ભાઈઓ) પ્રતિયોગીતા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ વિજેતા તથા એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ ઉપવિજેતા (રનર્સ–અપ) રહ્યા હતા. તમામ વિજેતાઓને આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





## રમત ગમત સ્પર્ધા ક્ષેત્રે સિદ્ધિ

ઉધના કોલેજમાં એસ.વાય.બી.કોમ. માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની મિસ સિલ્કી મુકેશ નાગપુરે ૩૨મી વીર સાવરકર ઓલ ઇન્ડિયા દરિયાઈ તરણ સ્પર્ધા ૨૦૨૨ (૧૬ નોટિકલ માઈલ) સી સ્વિમિંગમાં (મહિલા કેટેગરી) સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યા હતો. આ જ સ્પર્ધામાં એસ.વાય. બી.બી.એ.માં અભ્યાસ કરતો વિદ્યાર્થી શ્રી નિલય બકુલ કનીરકરે (૨૧ નોટિકલ માઇલ) સી સ્વિમિંગમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતો. આ સ્પર્ધાનું આયોજન યુવા સાંસ્કૃતિક રમતગમત પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત સરકાર અને જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, ગીર સોમનાથ દ્વારા કરવામાં આવ્યું હતું. બંને તરવૈયાઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ તેમજ તમામ સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.






## ટાઇપીંગ ટેસ્ટ સ્પર્ધા

ઉધના કોલેજમાં "ટેક આમી" (બી.સી.એ. પ્રોગ્રામ) હેઠળ એફ.વાય.બી.સી.એ. વિદ્યાર્થીઓ માટે "કી માસ્ટર" ટાઇપીંગ ટેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા રાજ કાયલ અને ઉપવિજેતા ક્રિશ મોરડિયા રહ્યા હતા. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજના પ્રાધ્યાપકો ડૉ. અનિલ ભરોડિયા અને ડૉ. દર્શન મહેતા દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



## પુસ્તક સમીક્ષા સ્પર્ધા

ઉધના કોલેજમાં તા. ૨૮–૦૨–૨૦૨૨નાં રોજ જ્ઞાનધારા અંતર્ગત પુસ્તક સમીક્ષા સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં ૧૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ ધૃવિ તેમજ દ્વિતિય ક્રમ ડેરિયા કાજોલે પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં કોલેજના પ્રા. કલ્પેશ કંસારાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. દેઇઝી શેબી ટેકનલ, ઉપાચાર્યશ્રી ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડિયાળીનો તેમના માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે સમિતિ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.



## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

ઉધના કોલેજમાં મહિલા સશક્તિકરણનાં અનુસંધાનમાં વર્ષભર વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવા માટે સક્રિય મહિલા સેલની સ્થાપના થઇ છે. ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાથી સેલ દ્વારા તેની પ્રવૃત્તિનાં ભાગરૂપે ઉજવણી કરવામાં આવી હતી. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતનાં ડૉ. સરિતા અગ્રવાલને "બદલાતા સમયમાં મહિલાઓ: તકો અને પડકારો" વિષય પર તેમની આંતરદ્રષ્ટિ આપવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઓનલાઈન યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તર સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનાં સંયોજકો ડૉ. પર્લ ખરાસ અને પ્રો. જીનલ પુરોહિતે આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈનો આવા પ્રતિષ્ઠિત અને નિપુર્ણ વક્તા લાવવા બદલ આભાર તથા મહિલા સેલનાં પ્રમુખ ડૉ. ડેઈઝી ટેકનાલનો અને અન્ય સભ્યોનો હાજરી અને સમર્થન માટે આભાર માન્યો હતો.



## એકાઉન્ટિંગ ક્લબ "એકાઉન્ટિંગ ટુપ્સ"

ઉધના કોલેજના એકાઉન્ટ વિભાગે તા. ૨૫–૦૨–૨૦૨૨નાં રોજ એકાઉન્ટિંગ ક્લબ "એકાઉન્ટિંગ ટુપ્સ" શરૂ કરી હતી. આ ક્લબનો હેતુ વિદ્યાર્થીઓને એકાઉન્ટિંગ વિષયમાં વ્યવહારુ અને વ્યવસાયલક્ષી જ્ઞાન સહજતાથી આપવાનો હતો. આ ક્લબનાં ઉદ્‌ઘાટન સમારોહમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ક્લબમાં દરેક પ્રયાસને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. મનીષ કાયસ્થ તેમજ કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી પણ હાજર રહ્યા હતા.



## પર્સોના ક્લબ

ઉધના કોલેજના અંગ્રેજી વિભાગ દ્વારા શનિવાર તા. ૧૨–૦૩–૨૦૨૨ના રોજ ધ પર્સોના ક્લબના ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્સોના ક્લબની ઉદ્‌ઘાટનવિધિ કોલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ દ્વારા કરવામાં આવી હતી, જેમણે ક્લબની સ્થાપના માટે અંગ્રેજી વિભાગનાં પ્રાધ્યાપકોને સતત પ્રેરણા આપી પ્રોત્સાહિત કર્યા હતા. સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં હાજરી આપી ઉચ્ચારણ પ્રવૃતિમાં સક્રિયપણે ભાગ લીધો હતો. અંગ્રેજી વિભાગનાં સભ્યો દ્વારા કોલેજના ઉપાચાર્યશ્રી ડૉ. ડેઈઝી ડૉ. દેઇઝી શેબી ટેકનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડિયાળીનો તેમને આપેલ માર્ગદર્શન અને સમર્થન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.




## અર્થશાસ્ત્ર અને વ્યાપાર ક્વિઝ સ્પર્ધા

ઉધના કોલેજમાં ૧૫મી માર્ચ, ૨૦૨૨ના રોજ ઇકોન વિટ (અર્થશાસ્ત્ર) ક્લબ દ્વારા "અર્થશાસ્ત્ર અને વ્યાપાર ક્વિઝ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા તુલસી ઝા અને અમન સિંહ જાહેર થયાં હતા. આ સ્પર્ધા યોજવા માટે પ્રોત્સાહિત કરવા બદલ ક્લબના સભ્યોશ્રીઓએ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈનો આભાર વ્યકત કર્યો હતો.




## કારકિર્દી માર્ગદર્શક સેમિનાર

કારકિર્દી કાઉન્સિલિંગ સેલનાં બેનર હેઠળ તા. ૦૩–૦૩–૨૦૨૨નાં રોજ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે બજારમાં ઉપલબ્ધ ભવિષ્યની નોકરીની તકો પર સેમિનારનું આયોજન કર્યું હતું. સેમિનારમાં વક્તા તરીકે શ્રી હરેન્દ્ર તોમર હાજર રહ્યા હતા. આ સેમિનારમાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારનું સફળ આયોજન આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



## સ્વરક્ષણ કાર્યક્રમ

ઉધના અને સલાબતપુરા પોલીસ સ્ટેશનના ASI તેમજ કરાટે ટ્રેનર્સ દ્વારા સંસ્થાનાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવા તેમજ સ્વરક્ષણ અંગે નિદર્શન કરવા માટે ઉધના કોલેજની મુલાકાત કરવામાં આવી હતી. છોકરીઓ માટે આ કાર્યક્રમનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. તેઓએ સ્વયંસેવકો તરીકે સક્રિયપણે ભાગ લીધો હતો. કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. સંજય પટેલ અને શ્રી ડૉ. પલ ખરાસે આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઈઝી ટેકનાલ અને અન્ય સ્ટાફ સભ્યોનો સમગ્ર કાર્યક્રમને સરળ રીતે પાર પાડવા માટે આભાર વ્યક્ત કર્યો હતો.





## પિંગ ક્રિએટીવીટી સ્પર્ધા

ઉધના કોલેજમાં "ટેક આર્મી" ક્લબ (બી.સી.એ. પ્રોગ્રામ) હેઠળ એસ.વાય. અને ટી.વાય.બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે "પિંગ ક્રિએટીવીટી" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં સુરજ મૌર્ય અને ઉપવિજેતા યજ્ઞેશ કે. જરીવાલા વિજેતા રહ્યા હતા. સ્પર્ધાનું સફળ આયોજન પ્રા. નિશા મેધાત અને પ્રા. રોનક શાહ દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-3-2022 to 31-03-2022

| Detail | Description | 1-1-2022 to 31-3-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 6677 | |
| | Internet Lab User | 28 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage Asst, Librarian | 8 | |
| | UG/PG Students | 267 | |
| | Research Scholars | 83 | |
| | Citizens | 0 | |
| | Non Teaching Staff | 1 | |
| | Online User | | |
| | Total | | 7064 |

Sourse : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| January-2022 | 551 | 446 |
| February-2022 | 515 | 502 |
| March-2022 | 966 | 852 |

Sourse : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | January-2022 | - |
| 2 | February-2022 | - |
| 3 | March-2022 | 08 |

Sourse : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | January-2022 | 13 |
| 2 | February-2022 | 07 |
| 3 | March-2022 | 09 |

Sourse: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | January-2022 | 12 |
| 2 | February-2022 | 07 |
| 3 | March-2022 | 08 |

Sourse: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in